સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 5 | ગણિત | ઑક્ટોબર, 2020

સમય 1 કલાક | કુલ ગુણ 25

અ.નિ. અધ્યયન નિષ્પત્તિ – Learning Outcome

અ.નિ. આલેખપત્રનો ઉપયોગ કરી વ્યવહારમાં વપરાતી વસ્તુઓનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધે.

પ્રશ્ન: 1 નીચે આપેલ આકૃતિઓ પરથી પ્રશ્નોના જવાબ આપો. (5)

(1) આકૃતિ B ની પરિમિતિ કેટલી છે ?

(2) આકૃતિ A અને D માંથી કોની પરિમિતિ ઓછી છે ?

(3) કઈ આકૃતિનું ક્ષેત્રફળ સૌથી વધુ છે ?

(4) કઈ-કઈ આકૃતિના ક્ષેત્રફળ સમાન છે ?

(5) કઈ આકૃતિની પરિમિતિ અને ક્ષેત્રફળ સમાન છે?



અ.નિ. આપેલ જથ્થાના ચોક્કસ ભાગને સંલગ્ન સંખ્યા (અપૂર્ણાંક) સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન: 2 એક દુકાનદારે લાકડાના કબાટના ખાનામાં 9 સરખા ભાગ કરેલ છે. આ ભાગમાં મુકેલ વસ્તુઓ જોઈ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (5)

પાઉચ	પેન	લંચબોક્સ
લંચબોક્સ	પેન્સિલ	કંપાસ
પેન્સિલ	પેન	પેન્સિલ

1. દુકાનદારે સૌથી વધુ કઈ વસ્તુ મુકેલ છે ? કેટલા ભાગમાં ?
2. કેટલા ભાગમાં કંપાસ મુકેલ છે ?
3. ખાનામાં કેટલા ભાગનો ઉપયોગ પેન મુકવા કરેલ છે ?
4. કઈ-કઈ વસ્તુઓ એક સરખો ભાગ રોકે છે ? કેટલો ?
5. પાઉચ મુકવા કબાટના ખાનાનો $\frac{1}{9}$ ભાગનો ઉપયોગ કરેલ છે. તો બાકીની વસ્તુઓ મુકવા કેટલો ભાગ બાકી રહે ?

અ.નિ. અપૂર્ણાંક આધારિત વ્યવહારું કોયડા ઉકેલે છે.

પ્રશ્ન: 3 માગ્યા મુજબ કરો.

(1) રવીનાને તેની શાળાએ જવા $2\frac{1}{4}$ કિમી અંતર કાપવું પડે છે. તો તેને શાળાએ જવા અને ઘેર પાછા આવતા કુલ કેટલું અંતર કાપવું પડે ? (2)

(2) આપેલ ઘડિયાળના સમયમાં $2\frac{1}{2}$ કલાક પછી કેટલા વાગ્યા હશે ? (1)



(3) મિહિરે ₹ 10.50 માં ચૉકલેટ ખરીદી. દુકાનદારે મિહિરને 1 રૂપિયાના 4 સિક્કા અને 50 પૈસાનો 1 સિક્કો પાછા આપ્યા. તો મિહિરે દુકાનદારને કુલ કેટલા રૂપિયા આપ્યા હશે ? (2)

અ.નિ. પરિભ્રમણીય સંમિતિ ધરાવતા દ્વિ પરિમાણીય આકારો અને મૂળાક્ષરોને ઓળખે છે.

પ્રશ્ન: 4 (1) નીચે આપેલ કયા આકારોને તૂટક રેખાથી બે ભાગમાં વહેંચતા દર્પણ સામે રાખવાથી એ જ ચિત્ર મળે ? (2)



(2) નીચે આપેલ આકારને $\frac{1}{2}$ અને $\frac{1}{4}$ ફેરવતા જે દેખાય તે દોરો. (2)



(i) $\frac{1}{2}$ ફેરવવાથી

(ii) $\frac{1}{4}$ ફેરવવાથી

(3) આપેલ આકૃતિને $\frac{1}{6}$ ફેરવવાથી મળતી આકૃતિ દોરો. (1)



અ.નિ. આપેલ સંખ્યાના સામાન્ય અવયવ અને સામાન્ય અવયવી આપે છે.

પ્રશ્નઃ 5 માગ્યા મુજબ કરો.

(1) 36 નું અવયવ વૃક્ષ દોરો. (2)



(2) 12 અને 18 ના અવયવો નીચે આપેલ વર્તુળમાં લખો. (2)



(3) સસલું અને કાંગારૂ એક સાથે કૂદવાનું ચાલુ કરે છે. જો સસલુ એક વારમાં 3 પગલાં કૂદી શકે અને કાંગારૂ એકવારમાં 5 પગલાં કૂદી શકે તો બંને પહેલીવાર ક્યારે ભેગાં થશે ? (1)